eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 372
September 19, 2014

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ :–

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૧૩/૦૯/૨૦૧૪ ના રોજ વિજયાનગર શહેરી આરોગ્ય કેન્દ્ર,વિજયાનગરની બાજુમાં,સુમન હાઈસ્કુલ / મરાઠી સ્કુલ પાસે,ઉધના,સુરત ખાતે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ગાર્ડન ખાતાની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાના શહેર વિસ્તારમાં બાગબાની વિકાસ અને નિભાવ કામે સાફ સફાઈ, હેજ/બોર્ડર ટ્રીમીંગ, ટોપીયરી બનાવવી, વૃક્ષોની છંટણી, સ્ટ્રીટ લાઈટમાં નડતરરૂપ વૃક્ષની ડાળીઓનું ટ્રીમીંગ વિગેરે કામગીરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથઝોન(ઉધના)ની કામગીરી બાબત :–

તા. ૧૨.૦૯.૨૦૧૪ ના રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૧૨ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૫૦ ફાઈલના રૂા.૧૨.૪૧ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે...

વધુ માટે કલીક કરો >>>>>>

## રૂગ્ણાલયો વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતીની તા.૨૫/૦૮/૧૪નાં રોજ મળેલી સભા :–

સુરત મહાનગરપાલિકાની રૂગ્ણાલયો વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતીની તા.૨૫/૦૮/૧૪નાં રોજ મળેલી સભામાં સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં તમામ શાળાઓમાં ભણતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૧૩/૯/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત :–

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મિલ્કત વેરો ભરપાઈ ન કરતાં મિલ્કતદારોની ૪૩ર મિલકતો સીલ કરતી સુરત મહાનગરપાલિકા :–

સુરત મહાનગરપાલિકાના મ્યુનિ.કમિશ્નરશ્રી ધ્વારા અઠવાડિક ધોરણે લેવાતી પ્રોપર્ટી ટેક્ષ અને પ્રોફેશનલ ટેક્ષની રીવ્યુ મીટીંગમાં આપેલ આદેશ મુજબ સાતેય ઝોન ધ્વારા મિલકત વેરો વસુલાતની ઘનિષ્ઠ ઝુંબેશ છેલ્લા ૭ દિવસથી હાથ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથઝોન(ઉધના)ની કામગીરી બાબત :–

તા. ૦૯.૦૯.૨૦૧૪ થી તા.૧૪.૦૯.૨૦૧૪ દરમ્યાન સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૭૯૨ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૨૧૯૬ ફાઈલ ના રૂા.૨૬.૬૮ લાખ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલઝોનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલઝોનના સગરામપુરા તલાવડી થી ઢબુવાલા કનટેઈનર, રાવણતાડ પોલીસ ચોકીથી કબીર મંદીરનાં ઢાળ, તર્પણ ચાર રસ્તાથી પીરછડી રોડ થઈ ગલેમંડી ચાર રસ્તા, દિલ્હીગેટ ચાર રસ્તા, રામપુરા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## બદલી અંગેના હુકમો બાબત :–

સુરત મહાનગરપાલિકામાં કલેરીકલ કેડરમાં સેકશન ઓફિસરમાં–૦૨, પ્રથમ શ્રેણી કલાર્કમાં –૧૪ તથા બીજી શ્રેણી કલાર્કમાં –૪૪ કર્મચારીઓ મળી કુલ–૬૦ કર્મચારીઓની પોસ્ટીંગના તથા સેકશન ઓફિસરમાં ૦૩ કર્મચારીઓન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## રૂગ્ણાલયો અને તંદુરસ્તી વર્ધક સમિતિ બાબત :–

સુરત મહાનગરપાલિકાની રૂગ્ણાલયો અને તંદુરસ્તી વર્ધક સમિતિના ઠરાવ મુજબ, દરેક શહેરી આરોગ્ય કેન્દ્રના કાર્યક્ષેત્ર વિસ્તારની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ૨૮૬ શાળાઓના ૧, ૫૪,૨૬૧ જેટલા બાળકોનું બ્લડ ગ્રુપ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## શહેરી ગરીબો માટે આવાસ પુરા પાડવા બાબત :–

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી ગરીબો માટે આવાસ પુરા પાડવા સારૂ જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશનના સબમીશન બેઝીક સર્વિસ ટુ ધ અર્બન પુઅરની યોજના હાલમાં અમલીકૃત છે. જે અંતર્ગત આવાસ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આંજણા અનવર નગર ફલાય ઓવરબ્રીજ નીચે ગેરકાયદેસર રીતે ઘોડાઓ અને બગીઓ વિગેરનું દબાણ કરી જાહેર ગંદકીનું ઉપદ્રવ કરનારા ઈસમો દંડાયા :–

સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોન તાબા હેઠળ આવેલ વિસ્તાર નામે આંજણા અનવર નગર, બીઆરટીએસ રૂટ જયાં કે મહાપાલિકા ધ્વારા ફલાય ઓવરબ્રીજ બનાવવાની કામગીરી પુર જોશમાં છે ની ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વરાછાઝોનનાં વ્યવસાય વેરા તથા આકારણી વિભાગ ધ્વારા મીનીબજાર કોહીનુરરોડ વિસ્તારમાં આવેલ સ્વામીનારાયણનગરમાથી એક જ દિવસે ૧૦.૨૫ લાખની વ્યવસાયવેરાની વસૂલાત :–

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળનાં વોર્ડ નં.૧૮ઈ મીનીબજાર કોહીનુરરોડ, સ્વામીનારાયણનગર સોસાયટીમાં આવેલ ડાયમંડ/એમ્બ્રોઈડરી યુનિટનાં ઈ.સી./આર.સી. કરદાતાઓ લાંબા સમયથી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૧૩/૦૯/૨૦૧૪ ના રોજ વિજયાનગર શહેરી આરોગ્ય કેન્દ્ર,વિજયાનગરની બાજુમાં,સુમન હાઈસ્કુલ / મરાઠી સ્કુલ પાસે,ઉધના,સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રૂગ્ણાલયો,વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિનાં અધ્યક્ષશ્રી ડો.રવીન્દ્રભાઈ પાટીલ,ગટર સમિતિ અધ્યક્ષશ્રી વિનોદભાઈ પટેલ,આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિ.)ડો.હેમંત દેસાઈ,આસી.કમિશ્નરશ્રી એ.એમ.રાજ,નાયબ આરોગ્ય અધિકારીશ્રી દિનેશ પટેલ,ડે.ઈજનેરશ્રી વી.ડી.ચૌધરી તેમજ સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, વિજયાનગર/પાંડેસરા/ઉધના શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો,આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિ.) ડો.હેમંત એસ.દેસાઈએ કાર્યક્રમ સંબંધી જાણકારી આપી હાજર રહેલા આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ. પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે, સુરત મહાનગરપાલિકા છેલ્લા નવ વર્ષથી વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પોનું આયોજન કરે છે. "સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણી જન્ય / પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિના મૂલ્યે નિદાન / સારવાર આપવામાં આવે છે. જેમાં સ્મીમેર હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા નિદાન કરી સારવાર આપવામાં આવે છે જરૂર જણાય તેવા કેસોને સ્મીમેર / નવી સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવે છે. નાગરીકોને આવા વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો લાભ લેવા જણાવ્યુ તથા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને મદદરૂપ થવા જણાવ્યુ હતુ.

રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષશ્રી ડો.રવીન્દ્રભાઈ પાટીલ એ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે ચોમાસાની ઋતુમાં રોગચાળાનુ પ્રમાણ વધારે જોવા મળતુ હોવાથી સુરત મહાનગરપાલિકા આવા મેડીકલ કેમ્પો દરેક ઝોન માં યોજે છે.તેમજ જાહેર જનતાને રોગચાળા વિશે જ્ઞાન મળે તે માટે આરોગ્ય લક્ષી પ્રદર્શન પણ દરેક ઝોનમાં યોજે છે જેથી જાહેર જનતાને આવા નિષ્ણાંત ડોકટરોની સેવા લેવા અનુરોધ કર્યો હતો.તેમજ પ્રદર્શનનો લાભ લેવા જણાવ્યુ હતું અને સુરત મહાનગરપાલિકા શહેરના નાગરીકોને ઉત્તમ પ્રકારની તમામ આરોગ્યલક્ષી સુવિધાઓ પ્રાપ્ત કરવા સ્મીમેર હોસ્પીટલ, મસ્કતિ હોસ્પીટલ તથા ૪૧ શહેરી આરોગ્ય કેન્દ્રો ખાતે જવા અનુરોધ કર્યો છે.આ વર્ષનો અગિયારમો મેડીકલ કેમ્પ છે.જેની સાથે સાથે સુરત મહાનગરપાલિકા શહેરના નાગરીકોને ચિરંજીવી યોજના બાલસખા યોજના તેમજ માં–અમૃતમ યોજનાનો લાભ લેવા નાગરીકોને અનુરોધ કર્યો.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પમાં વિજયાનગર શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૬૫૫ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૧૧૨, ચામડીના નિષ્ણાત દ્વારા ૧૩૧, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૬૮, બાળરોગ નિષ્ણાત દ્વારા ૧૨૨, ફિઝીશ્યન દ્વારા ૧૩૪, સર્જન દ્વારા ૩૬, મેડીકલ ઓફીસર દ્વારા ૫૨ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૪૭ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૭૪ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ ૪૪ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૨૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો જેવા કે નિરોધ ૭૦૦, ઓરલ પીલ્સ ૬૦ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૩૨૦ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૦ બાળકને બી.સી.જીની રસી, ૦૨ બાળકોને પેન્ટાવેલેન્ટની રસી,૦૨ બાળકોને પોલીયોની રસી,૦૩ બાળકોને ડીપીટીની રસી,૦૭. બાળકોને ઓરીની રસી, તથા ૦૭ બાળકોને ટી.ટી. ની રસી આપવામાં આવી હતી તેમજ ૨૦૦૦,કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

નોંધ :– આગામી વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખ.૨૦/૦૯/૧૪ ના રોજ રાંદેર શહેરી આરોગ્ય કેન્દ્ર,ખાતે રાખવામાં આવ્યો છે.જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

TOP

## ગાર્ડન ખાતાની કામગીરી બાબત :–

**સુરત મહાનગરપાલિકાના શહેર વિસ્તારમાં બાગબાની વિકાસ અને નિભાવ કામે સાફ સફાઈ, હેજ/બોર્ડર ટ્રીમીંગ, ટોપીયરી બનાવવી, વૃક્ષોની છંટણી, સ્ટ્રીટ લાઈટમાં નડતરરૂપ વૃક્ષની ડાળીઓનું ટ્રીમીંગ વિગેરે કામગીરી નિયમિત સમયે કરવાની હોય છે. શહેરના વધેલ વિસ્તાર અને તેની સાથે પર્યાવરણની જાળવણી હેતુસર બાગબાની નિભાવ કામગીરી વધુ ઝડપી, સમયસર, ઓછા માનવ બળથી થાય તે માટે પ્રારંભિક તબકકે નીચે જણાવેલ આધુનીક મેકેનાઈઝડ ઓઈલ વીથ પેટ્રોલથી ચાલતા સાધનો ખરીદ કરી અને ઉપયોગ કરી કામગીરી કરવામાં આવે છે.**

**પરિશિષ્ટ–અ**

| અ.નં. | સાધનોનું નામ | સાધનનો ઉપયોગ |
|---|---|---|
| ૧. | FS250 બ્રશ કટર્સ | લોન મૂવીંગ, નિંદામણ |
| ૨. | સ્ટીલ વેકયુમશ્રેડર | કચરો ખેંચીને અને ઉડાડીને ભેગો કરવા |
| ૩. | હેજ ટ્રીમર | હેજ/બોર્ડરનું ટ્રીમીંગ/છંટણી કામ |
| ૪. | અર્થ ઓગર | વૃક્ષોના રોપાના રોપાણ માટે ખાડા ખોદવા માટે |
| ૫. | ટેલીસ્કોપીક પ્રુનર | વૃક્ષની ડાળીઓનું ટ્રીમીંગ/ પ્રુનીંગ |

TOP

## માહે ઓગસ્ટ ૨૦૧, સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે ઓગસ્ટ ૨૦૧૪ દરમ્યાન ૪૪૩૧ ઈન્ડોર તથા ૪૩૦૪૪ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૨૪૦૮ તથા ૬૧૮ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૦૨૬૯ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૬૨૦ અને જુના ૨૪૮૮ દર્દીઓ સહીત કુલ ૩૧૦૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૧૨૯ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીજીયોથેરાપી વિભાગમાં કુલ ૮૩૬ તથા આંખ વિભાગમાં ૨૪૦૩ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૫૫૬૯ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સાઉથઝોન(ઉધના)ની કામગીરી બાબત :–

તા. ૧૨.૦૯.૨૦૧૪ ના રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૧૨ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૫૦ ફાઈલના રૂા.૧૨.૪૧ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–૦૨ લોકેશન (ખાડા) ૧૧૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૨ લોકેશન ૨૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.,કુલ–૩૧ વરસાદી જાળિયા સફાઈ તથા ૧૬ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ છે.,તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા :૩૪ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૩૫ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૪૭.૨૮ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૧૬.૦૦ લાખ થયેલ છે.,૧૫ ભહ તથા ૧૦ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૪૯૬/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૨૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૨૩ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૧૨ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે.તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૯૭ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૯૮ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૭૮.૫૧૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૧ છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૩૫૫૦/– છે.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ : ૧૨૦૯૧ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૨૭૫૨૫ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૯૫ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૧૩૩૨ કરવામાં આવેલ છે.જયારે ૬૮ નોટીસ આપવામાં આવેલ છે.વહીવટી ખર્ચઃ રૂા.૧૦,૯૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

TOP

## રૂગ્ણાલયો વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતીની તા.૨૫/૦૮/૧૪નાં રોજ મળેલી સભા :

સુરત મહાનગરપાલિકાની રૂગ્ણાલયો વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતીની તા.૨૫/૦૮/૧૪નાં રોજ મળેલી સભામાં સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં તમામ શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓનાં ઓનલાઈન પ્રોફાઈલ બનાવવાનાં હોવાથી તમામ વિદ્યાર્થીઓનાં બ્લડ ગ્રૃપ તથા હિમોગ્લોબીનની તપાસ વિનામૂલ્યે કરી આપવાનું ઠરાવવામાં આવ્યુ છે.

આ કાર્યક્રમના અમલીકરણથી સુરત મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતીની શાળામાં ભણતા ગરીબ તથા મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓનાં બ્લડ ગ્રૃપ જાણી શકાય. જેથી આકસ્મિક સંજોગોમાં તાત્કાલિક બ્લડની વ્યવસ્થા કરી સારવાર વહેલી તકે શરૂ કરી શકાય. વિદ્યાર્થીઓમાં હીમોગ્લોબીનની તપાસ કરી જે વિદ્યાર્થીઓમાં પ્રમાણ સામાન્ય કરતા ઓછુ જણાય તેવા તમામ વિદ્યાર્થીને જરૂરી દવા આપી સારવાર કરી શકાય. વિદ્યાર્થીઓમાં હોમોગ્લોબીન પ્રમાણસર રહેવાથી તેઓની રોગ પ્રતિકારક શકિત જળવાઈ શહે છે. જેનાથી તેઓમાં સમાજમાં જોવા મળતી સામાન્ય બીમારીઓથી બચી શકે છે. આમ વિદ્યાર્થી તંદુરસ્ત રહેવાથી તેઓની શાળામાં નિયમિત હાજરી જોવા મળે છે. અને તેઓ અભ્યાસમાં રૂચિ દાખવે છે. જેના ફળ સ્વરૂપ તેઓનું શિક્ષણ સ્તર ઉચુ જાય છે. આ અંગેની ઓનલાઈન પ્રોફાઈઈ બનાવવાથી જરૂર પડયે તેનો ઉપયોગ કરી, એનાલીસીસ કરી જરૂરી માહિતી મેળવી શકાય છે.

આ કાર્યક્રમ ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૪ થી શરૂ થનાર છે. જેમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૨૮૬ શાળાઓનાં અંદાજે ૧,૫૫,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓનાં બ્લડ ગૃપ તથા હિમોગ્લોબીનની તપાસ સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ શહેરી આરોગ્ય કેન્દ્ર પરથી દરરોજનાં ૫૦–૫૦ વિદ્યાર્થીઓનાં કરવામાં આવશે. આ કાર્યક્રમ બે માસ સુધી ચાલશે.

TOP

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૧૩/૯/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ૬૮૪૨૨ ઘરોમાંથી એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન એવા કેરબા/ડ્રમ, પીપ,અંડરગ્રાઉન્ડ ટેન્ક,ગ્રાઉન્ડ ટેન્ક,ઓવરહેડ ટેન્ક જેવાં કુલ ૧૪૬૨૭૬ બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવ્યા જેમાં ૬૫૪ બ્રિડીંગસ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૨) મેલેરિયા સવેલન્સ દરમ્યાન કુલ ૫૮૮૯ વ્યકિતઓનાં લોહીના નમુનાઓ લેવામાં આવ્યા

(૨) ટાયરો, પીપ, કેરબા/ડ્રમ, પડતર માટલા, પ્લાસ્ટીક ડબ્બા જેવી ૪૩૭ નકામી પડતર વસ્તુઓ નાશ કરવામાં આવેલ છે.

(૩) શહેરનાં ૩૫૯ બાંધકામ ચેક કરવામાં આવ્યા જેમાં મળેલ કુલ ૨૪૮ સ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૩) જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૨૦ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

(૬) ૧૮૧ રાઉન્ડ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૭ રાઉન્ડ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી.

(૭) તમામ ઝોનમાં કુલ ૨૬૮ નોટિસો આપવામાં આવી અને ૨૪૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્ચછરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

TOP

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૨/૦૯/૨૦૧૪ થી તા.૧૪/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૭૨૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.૩૪૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૩૫,૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૪૮૯૯ ઘરનો સર્વે કરવામાં આવેલ જે પૈકી ૨૩૪૩ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૮૭ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૧૭૮ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૧૧,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા. ૨૯,૬૫,૮૫૧/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા પટેલ–૧,૨,૩ ઈન્ડ. વેડરોડ, નંદુ ડોશીની વાડી, ગોટાલાવાડી તથા અમરોલી કતારગામ વિસ્તારમાં સઘન ઝુંબેશ હેઠળ સ્થળ ઉપર રૂા. ૧૨,૨૮,૬૯૬/– વસુલાત કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની અરજી ૧૦૫ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૧,૧૪,૨૨૫/– ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી રૂા.૯૦,૧૦૦/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૩ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## નોર્થઝોન (કતારગામ)માં આવેલ ટી.પી.સ્કીમ નં ૪૯ (કતારગામ) વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી

ટી.પી.સ્કીમ નં.૪૯(કતારગામ)માં આવેલ પરસોત્તમપાર્ક સોસાયટીના સબ પ્લોટ નં.૧૭ થી ૨૦માં મંજુરી વિના શરૂ કરેલ ગેરકાયદેસર બાંધકામ અગાઉ ગ્રા.ફલોરનું ડીમોલીશન તા.૦૨/૦૫/૨૦૧૪ થી કરવામાં આવેલ. ત્યારબાદ યથાવત જળવાયેલ સ્થિતિમાં હાલમાં સ્થળે કામગીરી કે રીપેરીંગ કરવાની સ્પષ્ટ ના કહેતા છતાં શનિ તથા રવિવારની રજામાં ઉકત ડીમોલીશન કરેલ ભાગ રીપેર કરી ફરીથી ગ્રા.ફલોરનો સ્લેબ તથા કોલમો ભરી ઉપર પ્રથમ માળે કોલમો ભરવાનું શરૂ કરેલ અને ગ્રા.ફલોર પર દુકાનોના શર્ટરો લગાડી કોર્મશીયલ હેતુના ઈરાદે બાંધકામ ઝડપથી કરી દિધેલ . જેથી આજરોજ અત્રેથી આશરે ૧૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી.સ્લેબ તથા પ્રથમ માળના કોલમો તેમજ ગ્રા.ફલોરના ચણતરની દિવાલો દુર કરવામાં આવેલ છે. અને ગ્રાફલોરના કોલમો જે.સી.બી. મશીનથી ડેમેજ કરી દઈ ટી.પી.રસ્તા તરફેનો સ્લેબ જમીનદોસ્ત કરવામાં આવેલ છે.

TOP

## રૂગ્ણાલયો, વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ તા.૧૫/૦૯/૨૦૧૪ના રોજ સ્મીમેર હોસ્પીટલની રૂબરૂ મુલાકાત

સુરત મહાનગરપાલિકાની રૂગ્ણાલયો, વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ તા.૧૫/૦૯/૨૦૧૪ના રોજ સ્મીમેર હોસ્પીટલની રૂબરૂ મુલાકાતે ગયેલ તે સમયે ડીનશ્રી, સ્મીમેર હોસ્પીટલ, ઈ.ચા.ડે.કમિશનરશ્રી (હે. અને હો.) સમિતિની સાથે રહયા હતા. સમિતિએ ઓર્થો.એપીડી, મેડીસીન ઓપીડી, ગાયનેક ઓપીડી, ઈએનટી ઓપીડી, પિડીયાટ્રીક વિભાગ વિગેરેની મુલાકાત લીધી હતી. તે દરમ્યાન જે નાની નાની ક્ષતિઓ માલુમ પડેલ છે. તે માટે હાજર રહેલ અધિકારી/કર્મચારીઓને તે તંદુરસ્ત કરવા રૂબરૂમાં સુચના આપવામાં આવેલ છે. અધિકારી/કર્મચારીઓએ પણ સારો સાથ સહકાર આપીને સ્મીમેર ખાતેની ક્ષતિઓ દુર કરવા કાર્યવાહી કરવામાં આવશે એવું સમિતિને જણાવેલ હતું.

**TOP**

## મિલ્કત વેરો ભરપાઈ ન કરતાં મિલ્કતદારોની ૪૩૨ મિલકતો સીલ કરતી સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાના મ્યુનિ.કમિશનરશ્રી ધ્વારા અઠવાડિક ધોરણે લેવાતી પ્રોપર્ટી ટેક્ષ અને પ્રોફેશનલ ટેક્ષની રીવ્યુ મીટીંગમાં આપેલ આદેશ મુજબ સાતેય ઝોન ધ્વારા મિલકત વેરો વસુલાતની ઘનિષ્ઠ ઝુંબેશ છેલ્લા ૭ દિવસથી હાથ ધરવામાં આવી છે અને બાકીદારો સામે મિલકત સીલ કરવી, નળ કનેકશન કાપવા અને મોટા બાકીદારોના નામો જાહેર કરવાની કામગીરી શરુ થઈ છે. છેલ્લા ૭ દિવસમાં જુદા જુદા ઝોન મળી કુલ – ૪૩૨ મિલકતો સીલ કરવામાં આવેલ હતી. જે પૈકી ૨૦૯ જેટલા મિલકતદારોએ સ્થળ ઉપર મિલકત વેરો ભરતાં તેઓની મિલકતોને તાત્કાલિક ધોરણે ટાંચ મુકત કરવામાં આવી છે. સ્થળ ઉપર રૂા.૧,૦૨,૨૨,૦૦૦/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે જયારે બાકીના ૨૨૩ મિલકતોનો મિલકત વેરો ભરપાઈ ન થતાં તેઓની સામે કડક પગલા ભરી તેઓની મિલકતોની જાહેર હરાજી કરી મિલકત વેરો વસુલ કરવા દરેક ઝોનને મ્યુનિ.કમિશનરશ્રી ધ્વારા આદેશ આપવામાં આવેલ છે. હવે પછીના સમયમાં સીલ કરેલ મિલકતોની જાહેર હરાજીની કાર્યવાહી હાથ ધરી વેચાણની પ્રક્રિયા કર્યા બાદ મિલકત વેરો વસુલ કરવામાં આવશે.

આથી તમામ કરદાતાઓને તાકીદ કરવામાં આવે છે કે, આપનો બાકી મ્યુ.વેરો તાકીદે ભરપાઈ કરવા અનુરોધ છે.

TOP

## સાઉથઝોન(ઉધના)ની કામગીરી બાબત :–

તા. ૦૯.૦૯.૨૦૧૪ થી તા.૧૪.૦૯.૨૦૧૪ દરમ્યાન સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૭૯૨ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૨૧૯૬ ફાઈલ ના રૂા.૨૬.૬૮ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,, કુલ–૨૬ લોકેશન (ખાડા) ૯૨૫.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૨૧ લોકેશન ૧૦૪૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.,કુલ–૧૮૮ વરસાદી જાળિયા સફાઈ તથા ૬૦ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ છે., ટી.પી.૨(ઉધના) ફા. પ્લોટ નં. ૭૧ જલારામનગર ખાતે કુલ ૪૫૦ ચો.ફુટ બાંધકામ દૂર કરવામાં આવેલ છે.,તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા :૧૧૫ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૧૫૧ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૩૫૧.૨૮ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૫૯.૫૦ લાખ થયેલ છે.,૪૨ ભહ તથા ૨૫ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૪૦૯૬/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૭૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૭૪ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૩૮ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે.તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૨૭૯૩ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૬૬૩ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૨૦૫.૩૬૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૧૨ છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૧૮,૭૫૦/– છે.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ : ૫૪૮૦૩ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૧૨૩૭૨૩ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૪૩૫ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે.,કુલ સ્લાઈડ કલેકશનઃ૫૨૦૯ કરવામાં આવેલ છે.જયારે ૨૬૦ નોટીસ આપવામાં આવેલ છે. વહીવટી ખર્ચઃરૂા.૧૪૮૦૦/– વસુલ કરવામા આવેલ છે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં આજરોજ ગેરકાયદેસર બાંધકામ સામે કાયદેસરની કાર્યવાહી કરી ડિમોલીશન હાથ ધરવામાં આવેલ.જેમાં ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૩૯ (ઉધના–લિંબાયત) ના ફા.પ્લોટ નં. ૧૭/બી માં આવેલ નારાયણનગર ઈન્ડ.માં પ્લોટ નં. એમ–૧૨,૧૩ માં ત્રીજામાળ પર એંગલ પતરાના શેડ બનાવવાના ઈરાદે કરવામા આવેલ આશરે ૩૪' × ૭૦ ' માપવિસ્તારમાં એંગલ પતરાનો શેડ દુર કરવામાં આવેલ છે. તેમજ ડિમોલીશન ચાર્જ પેટે રૂા. ૫૦૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે. સમગ્ર કામગીરી અત્રેના ઝોનના શહેર વિકાસ વિભાગ,દબાણ સ્ટાફ મારફત કરવામાં આવેલ છે.

TOP

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૧૫/૯/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ૬૯૩૦૫ ઘરોમાંથી એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન એવા કેરબા/ડ્રમ, પીપ,અંડરગ્રાઉન્ડ ટેન્ક,ગ્રાઉન્ડ ટેન્ક,ઓવરહેડ ટેન્ક જેવાં કુલ ૧૫૦૦૫૮ બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવ્યા જેમાં ૭૮૭ બ્રિડીંગસ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૨) મેલેરિયા સવેલન્સ દરમ્યાન કુલ ૬૧૯૧ વ્યકિતઓનાં લોહીના નમુનાઓ લેવામાં આવ્યા

(૨) ટાયરો, પીપ, કેરબા/ડ્રમ, પડતર માટલા, પ્લાસ્ટીક ડબ્બા જેવી ૫૨૭ નકામી પડતર વસ્તુઓ નાશ કરવામાં આવેલ છે.

(૩) શહેરનાં ૩૮૭ બાંધકામ ચેક કરવામાં આવ્યા જેમાં મળેલ કુલ ૨૭૫ સ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૩) જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૬૬ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

(૬) ૧૮૫ રાઉન્ડ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૬ રાઉન્ડ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી.

(૭) તમામ ઝોનમાં કુલ ૩૦૮ નોટિસો આપવામાં આવી અને ૩૩૨૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છછરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

TOP

## સેન્ટ્રલઝોનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલઝોનના સગરામપુરા તલાવડી થી ઢબુવાલા કનટેઈનર, રાવણતાડ પોલીસ ચોકીથી કબીર મંદીરનાં ઢાળ, તર્પણ ચાર રસ્તાથી પીરછડી રોડ થઈ ગલેમંડી ચાર રસ્તા, દિલ્હીગેટ ચાર રસ્તા, રામપુરા રાધાકૃષ્ણ મંદીરથી અશકતાશ્રમ હોસ્પીટલ થઈ પટેલવાડીથી કાજીપુરા ૪૪ ચાલ વિગરે વિસ્તારોમાં '' મહાત્માં ગાંધી સ્વચ્છતા મીશન '' અંતર્ગત આજ તા. ૧૬–૯–૧૪ નાં મંગળવારનાં રોજ ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ કામગીરી હાથ ધરવામાં આવી. જે પૈકી અધિકારી / સુપરવાઈઝર– ૯૩ અને સફાઈ કામદાર / બેલદાર ૨૨૭ મળી કુલ ૩૨૦ કર્મચારીઓ આ ઝુંબેશમાં જોડાયા હતા. આ કામગીરી દરમ્યાન કચરા મિશ્રિત માટીનાં ઢગલા, સ્કેપીંગ મટીરીયલ, ડેબ્રીશનો કુલ ૨૯ મે. ટન જેટલો કચરો નિકાલ કરવામાં આવ્યો અને લારી, ગલ્લા અને અન્ય સામાન મળી કુલ–૮ દબાણો દુર કરવામાં આવ્યા. જયારે ૪૫ રનીગ મીટર વોટરટેબલ રિસેટ કર્યા / રીપેર કર્યા / સ્ક્રેપીંગ કરી સાફ કર્યા. વરસાદી જાળીયા/ઈનલેટ ચેમ્બર/મેનહોલ પૈકી ૦૫ સાફ કર્યા. લાઈટ વિભાગ ધ્વારા ૮ જગ્યાએ લાઈટપોલ ચેક કામગીરી કરવામાં આવી. પે એન્ડ યુઝ ટોઈલેટ ૦૨ ચેક કરવામાં આવી. ૦૬ ધાર્મિક સ્થળ, સામજીક, શૈક્ષણિક, વ્યાપારી સંસ્થાઓની આજુબાજુની ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવવામાં આવી. આ વિસ્તારોમાં જણાયેલ બાંધકામનું મટીરીયલ, ડેબ્રીસનાં ૦૨ ઢગલાઓનો નિકાલ કરવામાં આવ્યો. ખાનગી / સરકારી ખુલ્લા ૪ પ્લોટોમાં ગંદકી જણાતા તેની સફાઈ કરાવવામાં આવી. ૦૭ કિ.ગ્રા. જેટલી ૪૦ માઈક્રોનથી પાતળી પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કર્યો. ૨ ટ્રાફીક સર્કલની સફાઈ કરાવવામાં આવી. ૦૨ જેટલી હોટલ / રેસ્ટોરન્ટ ચેક કરી, ૪.૫ કિ.ગ્રા. અખાધ પદાર્થનો નાશ કરવામાં આવ્યો. સગરામપુરા તલાવડી જળ વિતરણનાં મથકનાં ફુટપાથ પરથી લારી ગલ્લાનું દબાણ દુર કરાવ્યુ તથા રાજેશ્રી હોલ તરફનાં ફુટપાથ પરથી દેવીપૂજકોનું દબાણ દુર કરી સફાઈ કરાવી. આ સમગ્ર ઝુંબેશ કામગીરી દરમ્યાન ૫૩ સંસ્થાઓને નોટીસ / ચેતવણી આપી ૧૩૭ ઈસમો પાસેથી રૂા. ૪૫,૭૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ.

ઉપરોકત તમામ ઝુંબેશ મા. કમિશ્નરશ્રીના આદેશ અને માર્ગદર્શન હેઠળ આજરોજની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

## નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૫/૦૯/૨૦૧૪ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ.૧૩૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૪,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૦૯૫ ઘરનો સર્વે કરવામાં આવેલ જે પૈકી ૫૯૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૯૧ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૮૨ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા. ૪૬,૬૭,૨૯૮/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા પટેલ ગોવિંદ ઈન્ડ. નિલકંઠ ઈન્ડ. પૂર્વા ઈન્ડ વેડરોડ, જેરામ મોરારની વાડી, ગોટાલાવાડી તથા અમરોલી, કતારગામ વિસ્તારમાંથી રૂા. ૩૩,૯૨,૭૮૦/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની અરજી ૨૫૨ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૧૨,૬૧,૬૪૭/– ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી રૂા.૨,૯૪,૨૦૦/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૨૧ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

(૧) સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૭, નોંધ નં.૧૧૬૫ કાંકરા મહોલ્લામાં પાર્કીગમાં કરેલ આશરે ૭૦૦ ચો.ફુટ બાંધકામ તા.૨૯/૦૮/૧૪ નાં રોજ અત્રેથી તોડી પાર્કીગ ખુલ્લુ કરવામાં આવેલ, વોર્ડ નં.૧૧, નોંધ નં.૬૨૭ વડા ચૌટા, મુગલીસરા, પોસ્ટ ઓફીસની બાજુમાં થયેલ ગેરકાયદેસર બાંધકામનાં પ્રથમમાળનું આશરે ૩૦૦ ચો.ફુટ બાંધકામ તા.૧૬/૦૯/૧૪ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. તથા વોર્ડ નં.૧૧, નોંધ નં.૨૦૦૬ માં જુની મિલ્કત ઉપર કરેલ માળ વધારાના કોલમ તથા બીમનું શટરીંગ તા.૧૬/૦૯/૧૪ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૩, નોંધ નં.૨૫૭૧/બી/૧, સુરત ખાતે આવેલ મિલ્કતમાં અત્રે તા.૨૯/૦૧/૧૪ થી વિકાસ પરવાનગી મેળવવા અરજી કરવામાં આવેલ છે. જેમાં મિલ્કતદારશ્રી મો.ઐયુબ મો. યાકુબ હાશમી ધ્વારા રજાચીઠ્ઠી મેળવ્યા સિવાય બાંધકામ કરવામાં આવતાં અત્રેથી તા.૨૯/૦૫/૧૪ થી ગેરકાયદેસર બાંધકામ અંગે નોટીસ પાઠવવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતાં તા.૧૬/૦૯/૧૪ ના રોજ પાંચમાં માળે આશરે ૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ, મંજુર ન થઈ શકે તેવું આર.સી.સી. બીમ, સ્લેબ સહિતનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

**બિસ્માર મિલ્કત ઉતારી પાડયાની વિગત :–**

(૩) સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૩, નોંધ નં.૧૯૫૨ (ઉત્તર–દક્ષિણ), સલાબતપુરા, સીધીશેરી, સુરત ખાતે આવેલ જુના બાંધકામવાળી મિલ્કતનો બિસ્માર ભાગ આજે તા.૧૬/૦૯/૧૪ ના રોજ અત્રેથી ઉતારી લેવામાં આવેલ છે.

TOP

## બદલી અંગેના હુકમો બાબત :–

સુરત મહાનગરપાલિકામાં કલેરીકલ કેડરમાં સેકશન ઓફિસરમાં–૦૨, પ્રથમ શ્રેણી કલાર્કમાં –૧૪ તથા બીજી શ્રેણી કલાર્કમાં –૪૪ કર્મચારીઓ મળી કુલ–૬૦ કર્મચારીઓની પોસ્ટીંગના તથા સેકશન ઓફિસરમાં ૦૩ કર્મચારીઓને સીધી ભરતીથી નિમણૂંક તથા બડતી સહિત બદલી અંગેના હુકમો કરવામાં આવેલ છે.

TOP

## રૂગ્ણાલયો અને તંદુરસ્તી વર્ધક સમિતિ બાબત :–





સુરત મહાનગરપાલિકાની રૂગ્ણાલયો અને તંદુરસ્તી વર્ધક સમિતિના ઠરાવ મુજબ, દરેક શહેરી આરોગ્ય કેન્દ્રના કાર્યક્ષેત્ર વિસ્તારની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ૨૮૯ શાળાઓના ૧, ૫૪,૨૯૧ જેટલા બાળકોનું બ્લડ ગ્રુપ અને હીમોગ્લોબીન ટેસ્ટ વિનામુલ્યે ચેકઅપ કરવાનું નકકી કરવામાં આવ્યું છે. આ કામગીરીનો આજરોજ ડીંડોલી શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે રૂગ્ણાલયો અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષ શ્રી ડો.રવિન્દ્ર પાટીલના હસ્તે દીપ પ્રાગટય કરી શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કોર્પોરેટર શ્રી દયાશંકરસિંહ, શ્રી સુભાષ પાટીલ તથા શ્રીમતી નયનાબેન નાયક ઉપસ્થિત રહયા હતા. ઈનચાર્જ ડેપ્યુટી કમિશનર (હે. અને. હો. ) શ્રી ડો. હેમંતભાઈ દેસાઈએ પ્રાસંગિક પ્રવચન કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી. પ્રમુખ સ્થાનેથી અધ્યક્ષ શ્રી ડૉ.રવિન્દ્ર પાટીલએ, સુરત મહાનગરપાલિકા દ્વારા થતા વિવિધ કાર્યક્રમો અને શિબિરોમાં પ્રજાજનોને મોટી સંખ્યામાં લાભ લેવા માટે અપીલ કરી હતી. લિંબાયત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી ડૉ.પ્રદિપ ઉમરીગરે આભાર વિધિ કરી હતી.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં આજરોજ તા.૧૭/૦૯/૧૪ ના રોજ ગેરકાયદેસર બાંધકામ સામે કાયદેસરની કાર્યવાહી કરી ડિમોલીશન હાથ ધરવામાં આવેલ.જેમાં ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૩૯ (ઉધના–લિંબાયત) ના ફા.પ્લોટ નં. ૧૭/બી માં આવેલ નારાયણનગર ઈન્ડ.માં પ્લોટ નં. એમ–૧૭, ૧૮ માં ત્રીજામાળ પર પતરાના શેડ બનાવવાના ઈરાદે કરવામા આવેલ આશરે ૩૪' × ૭૦ ' માપવિસ્તારમાં પતરાનો શેડ દુર કરવામાં આવેલ છે. તેમજ ડિમોલીશન ચાર્જ પેટે રૂા. ૪૦૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે. સમગ્ર કામગીરી અત્રેના ઝોનના શહેર વિકાસ વિભાગ,દબાણ સ્ટાફ મારફત કરવામાં આવેલ છે.

તેમજ ટી.પી.સ્કીમ નં. ૬૨(ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ),ફા.પ્લોટ નં. ૧૨૬ માં આવેલ લક્ષ્મી નારાયણ સોસાયટી વિભાગ–૧ માં સબ પ્લોટ નં. ૫૮૨ તથા ૬૦૦ માં મિલ્કતદાર તરફથી કરવામાં આવેલ રહેણાંકના સોસાયટીના પ્લોટમાં કોમર્શીયલ હેતુની દુકાનોના શટર લગાવી ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ છે.જે સ્થળ પરથી દુર કરી રોલીંગ શટર નંગ– ૦૭ જપ્ત કરવામાં આવેલ.

TOP

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૧૬/૯/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ૬૫૧૧૩ ઘરોમાંથી એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન એવા કેરબા/ડ્રમ, પીપ,અંડરગ્રાઉન્ડ ટેન્ક,ગ્રાઉન્ડ ટેન્ક,ઓવરહેડ ટેન્ક જેવાં કુલ ૧૪૨૧૪૫ બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવ્યા જેમાં ૭૩૨ બ્રિડીંગસ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૨) મેલેરિયા સવેલન્સ દરમ્યાન કુલ ૫૬૮૫ વ્યકિતઓનાં લોહીના નમુનાઓ લેવામાં આવ્યા

(૨) ટાયરો, પીપ, કેરબા/ડ્રમ, પડતર માટલા, પ્લાસ્ટીક ડબ્બા જેવી ૪૯૫ નકામી પડતર વસ્તુઓ નાશ કરવામાં આવેલ છે.

(૩) શહેરનાં ૩૨૯ બાંધકામ ચેક કરવામાં આવ્યા જેમાં મળેલ કુલ ૨૬૯ સ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૩) જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૩૦ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

(૬) ૧૮૦ રાઉન્ડ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૬ રાઉન્ડ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી.

(૭) તમામ ઝોનમાં કુલ ૨૬૪ નોટિસો આપવામાં આવી અને ૨૪૮૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

TOP

## શહેરી ગરીબો માટે આવાસ પુરા પાડવા બાબત :–

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી ગરીબો માટે આવાસ પુરા પાડવા સારૂ જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશનના સબમીશન બેઝીક સર્વિસ ટુ ધ અર્બન પુઅરની યોજના હાલમાં અમલીકૃત છે. જે અંતર્ગત આવાસ બાંધકામ કરવામાં આવેલ / આવે છે. આ યોજના હેઠળ પ્રોજેકટ ખર્ચના ૫૦ % કેન્દ્ર સરકારશ્રીની તથા ૨૦ % રાજય સરકારશ્રીની ગ્રાંટનો સમાવેશ થાય છે. આ યોજના અંતર્ગત ઝુંપડપટ્ટી સ્થળાંતર (સ્લમ રીહેબીલીટેશન) ના કિસ્સામાં કુલ –૮ ડી.પી.આર. સરકારશ્રીમાં મંજુર કરાવી રૂા. ૬૧૮.૪૫ કરોડના ખર્ચે કુલ ૪૪૩૯૬ આવાસોના બાંધકામ હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી અત્યાર સુધી ૪૨૮૨૮ આવાસોના બાંધકામ પૂર્ણ થયેલ છે તેમજ ૩૬૫૦૩ આવાસો નદી / ખાડી પુર અસરગ્રસ્ત, રસ્તા તથા વિકાસના કામમાં નડતરરૂપ સ્થળાંતરપાત્ર ઝુંપડાવાસીઓને ફાળવવાનો સમાવેશ થાય છે. જેને કારણે આજદિન સુધી ૧૬૫ (૧૦૩ ઝુંપડપટ્ટીઓ પૂર્ણ તથા ૬૨ ઝુંપડપટ્ટી અંશતઃ) સ્લમ પોકેટોનું સ્થળાંતર કરવામાં આવેલ છે. નદી / ખાડી પુર અસરગ્રસ્ત ઝુંપડપટ્ટીના સ્થળાંતરને કારણે પુર દરમ્યાન / નદીમાં પાણી છોડવાના સમયે અસરગ્રસ્ત ઝુંપડાવાસીઓને કામચલાઉ ધોરણે રીલીફ સેન્ટરોમાં સ્થળાંતર કરવાની કામગીરીમાંથી મુકિત મળેલ છે. વધુમાં પુરને લીધે અસરગ્રસ્ત ઝુંપડાવાસીઓની ઘરવખરીને પણ નુકશાન થાય છે. જેના કારણે તેઓને થતી આર્થિક નુકશાનીમાંથી મુકિત મળેલ છે. શહેરના ડી.પી. / ટી.પી. રસ્તામાં તથા બી. આર. ટી. એસ. રૂટમાં તથા કેનાલ કોરીડોરમાં નડતરરૂપ ઝુંપડાઓ દુર થવાને લીધે ટ્રાફીકની સમસ્યા હલ થયેલ છે.

વરાછા ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ શકિતવિજય ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૩૮, રામજી મંદિર ઝુંપડપટ્ટીના માન્ય યાદી–૦૧, જુની ટાંકીપાળ ઝુંપડપટ્ટીના માન્ય યાદીના ૦૧ મળી કુલ – ૪૦ લાભાર્થીઓને ટી.પી. સ્કીમ નં. ૭ (વેસુ) ફા.પ્લોટ નં. ૧૨૫ (૩૫ લાભાર્થીઓને) તથા ટી.પી. સ્કીમ નં. ૬૯ (ગોડાદરા–ડીંડોલી) ફા.પ્લોટ નં. ૧૮૧, આર–૭ (૦૫ લાભાર્થીઓને) ખાતેના સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા વઘ્દગચોઢ ખકગ. અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૧૭.૦૯.૨૦૧૪ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે વરાછા ઝોન ઓફીસ ખાતે સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરપર્સનશ્રીની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.

TOP

## પૂર્વ(વરાછા)ઝોનમાં વિવિધ વિસ્તારમાં ડીમોલીશન, દબાણ દુર કરવાની તથા સીલ મારવા અંગેની કામગીરી.

(૧) ટી.પી. સ્કીમ નં. ૧૬(કપાદ્રા) માં સ્પીનીંગ મીલની પાછળ ફા.પ્લોટ નં. ૬૦, ૬૨ પૈકી મમતા પાર્ક સોસાયટી પાછળ આવેલ દિનદયાળનગર, શ્રીરામનગર વસાહતના રહેવાસીઓ તરફેથી મુખ્ય રોડ ને લાગુ અત્રેથી ફાળવેલ રેસીડેન્સીયલ હેતુ માટેના પ્લોટો પર હેતુફેર કરી દુકાનો બનાવી તેમાં મચ્છી, ઈંડા, મટન તથા અન્ય ખાદ્યપ્રદાર્થોનું વેચાણ બિનઅધિકૃત રીતે કરતાં હોય, જેને કારણે આ વિસ્તારમાં પુષ્કળ ગંદકીની સાથે ન્યુસન્સ ઉભુ થયેલ, જેને બંધ કરાવવા અંગે લઈ આ વિસ્તારમાં આજુબાજુની સોસાયટીના રહીશો તેમજ સ્થાનીક મ્યુ.સભ્યશ્રી/ માન.ધારાસભ્યશ્રીઓની વારંવારની લેખિત તથા મૌખિક ફરીયાદો/રજુઆતો મળતી હોય, વર્ષોથી આ ન્યુસન્સને દુર કરવા/ બંધ કરવા અત્રેના પૂર્વ(વરાછા) ઝોનના કર્મચારી ઓ કરતાં રહેતા હોય, જેના ભાગરૂપે અગાઉ તા.૨૦/૦૮/૨૦૧૪ ના રોજ વિશેષ ઝુંબેશ ઉપાડી આરોગ્ય તથા ઈજનેરી વિભાગના કર્મચારીઓ દ્વારા સદર જગ્યાએ આવી હેતુફેર વાળી મિલકતોમાં સુરૂચિભંગ તથા આરોગ્યને નુકશાનકર્તા ધંધાકીય યુનીટો/દુકાનો પૈકી કુલ ૧૮ યુનીટોને સીલ મારવામાં આવેલ. ત્યારબાદ પણ સદર સ્થળે આવી છુટી છવાઈ સુરૂચિભંગ ધંધાકીય પ્રવૃતિ ચાલતી હોવાનું અત્રેના ધ્યાને આવતાં આજરોજ અત્રેથી આરોગ્ય તથા ઈજનેરી સ્ટાફ દ્વારા સંયુકત ઝુંબેશ કરી સ્થળ પરથી દબાણો દુર કરી ૫૦ જીવીત મરઘીઓ, ૨૦ કિ. ગ્રા. મટન, ૩(ત્રણ) નંગ પિંજરા, મોટા વાસણો , લાકડાના કટ્ટા, પાથરાણા વિગેરે જપ્ત કરી ૧૫ (પંદર) દુકાનોને તાળા મારવામાં આવેલ. આ કામગીરી દરમ્યાન લોકટોળા જમા થઈ, હિતસંબંધીઓ તરફેથી ઉગ્ર વાંધો વિરોધ થતાં વાતાવરણ તંગ બનેલ. આ દરમ્યાન મામલો વધુ ગંભીર ન બને તે માટે સ્થળ પર પોલીસ બોલાવવામાં આવેલ તથા પરિસ્થિતી કાબુ લેવામાં આવેલ. તેમજ પોલીસ વિભાગ દ્વારા આશરે ૧૫ જેટલા અસામાજીક તત્વોને રાઉન્ડ અપ કરેલ. આ કામગીરી દરમ્યાન કપાદ્રા પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી ચૌધરી સાહેબ સ્થળ પર હાજર રહી સુરત મહાનગરપાલિકાને પુરતો સહકાર આપેલ.

(૨) મોજે નાના વરાછા ગામ, એસ.ટી. સ્ટેન્ડ નજીક સર્કલ પાસે શ્રી શ્રીશકિતના નામે પ્લોટ નં.૫૬, ૫૭ તથા ૫૮ની સામે રોડ તથા ફુટપાથની જગ્યા કવર્ડ કરી બનાવેલ સ્ટીલ ફેબ્રીકેશન તથા પતરાનું છાપરૂ તેમજ ઈંટોનું ઓટલાવાળો ભાગ તોડીને આશરે ૧૫૦.૦૦ ચો.ફુટ જેટલો રોડ ખુલ્લો કરવામાં આવેલ.

(૩) ટી.પી. સ્કીમ નં. ૨૨(સરથાણા–વાલક) ના ફા. પ્લોટ નં.૧૭ પૈકીમાં આવેલ ઈશ્વનગર સોસાયટીમાં ઓપન સ્પેસવાળા ભાગમાં મંજુર પ્લાન વિરૂધ્ધ બનાવેલ ભોંયતળિયાનું આશરે ૪૦૦.૦૦ ચો.ફુટ વિસ્તારનું ચણતરનું બાંધકામ તોડીને દુર કરવામાં આવેલ તથા મિલકતદારો તરફેથી ડીમોલીશન ચાર્જ પેટે રૂા. ૫૦૦૦/– વસુલ લેવામાં આવેલ.

(૪) ટી.પી. સ્કીમ નં. ૨૦(નાના વરાછા) ખાડી કિનારે આવેલ નવી ટાંકી પાળ વસાહતમાં રસ્તા/રીઝર્વેશનના ભાગમાં દબાણ કરી બાંધેલ ૧૫(પંદર) ઝુંપડા તોડીને દુર કરી આશરે ૧૫૦૦.૦૦ ચો.ફુટનો વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ.

ઉકત કામગીરી અત્રેના પૂર્વ(વરાછા)ઝોન કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતાના સ્ટાફ, દબાણ ખાતાનો સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

TOP

## નોર્થ ઝોન (કતારગામ)ની કામગીરી બાબતઃ–

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૬/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૪૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૪,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૯૫૪ ઘરનો સર્વે કરવામાં આવેલ જે પૈકી ૬૫૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૯૦ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૮૩ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૨૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા. ૩૮,૯૦,૧૯૭/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા પટેલ ૧–૨–૩ ઈન્ડ., નિલકંઠ ઈન્ડ.,વેડરોડ, નંદી ડોશીની વાડી, ગોતાલાવાડી તથા જી.આઈ.ડી.સી.કતારગામ વિસ્તારમાંથી રૂા.૨૨,૮૩,૦૬૮/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની અરજી ૩૧૭ મંજુર કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી રૂા.૨,૦૩,૪૦૦/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૩ લારી જપ્ત કરવામાં આવેલ છે.

આરોગ્ય વિભાગ દ્વારા તા.૧૭/૦૯/૧૪ ના રોજ મહાત્મા ગાંધીજી સ્વચ્છતા અભિયાન અન્વયે કોઝવે રોડથી નવનાથના ખાડો થઈ તિરૂમાલા કોમ્પલેક્ષ થઈ નવો મહોલ્લો, તિરૂમાલા કોમ્પલેક્ષથી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના પાછળના ભાગ થઈ વિજયરાજ સર્કલ સુધી તેમજ રૂપલ સ્કુલના નાકાથી દાવલશા કનટેનર સુધી તેમજ આજુબાજુના તમામ સોસાયટીઓ વિસ્તારમાં સફાઈ દરમ્યાન કુલ ત્રણ ટન માટી મિશ્રિત કચરો સાફ કરી સ્થળ પર આરોગ્યલક્ષી ન્યુસન્સ કરતાં ૧૧૪ વ્યકિતઓને નોટીસ આપી સ્થળ પર રૂા.૮,૧૦૦/– વહીવટી ચાર્જની વસુલાત કરવામાં આવી.

TOP

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

(૧) સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૫, નોંધ નં.૧૩૦૦ સોયેશરી, હરિપુરા, સુરત ખાતે પાંચમાં માળનું આશરે ૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી કોલમ તથ ચણતરની દિવાલ સહિતનું બાંધકામ તા.૧૭/૦૯/૧૪ નાં રોજ અત્રેથી તોડી તોડી દૂર કરવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૨, નોંધ નં.૫૧૧૭/૧, ૫૧૧૮ સુરત ખાતે આવેલ મિલ્કતમાં અત્રે તા.૨૫/૦૬/૧૪ થી વિકાસ પરવાનગી આપવવામાં આવેલ છે. જેમાં મિલ્કતદારશ્રીમતી શહેનાઝ અબ્દુલ રસીદ મલેક અને બીજાઓ ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ ભોંયતળીયાનાં ભાગે પાર્કીગની જગ્યામાં દુકાનોનું તથા પાંચમાં માળે વધારાનું આર.સી.સી. બાંધકામ કરવામાં આવતાં તા.૧૭/૦૯/૧૪ ના રોજ ભોયતળીયે આશરે ૬૦૦ ચો.ફુટ તથા પાંચમાં માળનું ૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી બીમ, સ્લેબ સહિતનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. માપ વિસ્તારમાં કરવામાં આવેલ, મંજુર ન થઈ શકે તેવું આર.સી.સી. બીમ, સ્લેબ સહિતનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

## દબાણ દુર કર્યાની વિગત :–

(૩) સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ચૌટા બજાર વિસ્તાર ખાતે લાગુ રસ્તા તથા ફુટપાથ ઉપર દુકાનોની બહાર દબાણ કરવાના હેતુસર દુકાનદારો તેમજ દબાણ કર્તાઓ દ્વારા પ્લાસ્ટીક તથા તાડપતરી થી બનાવેલ કામચાલાઉ છે. આજે તા.૧૭/૦૯/૨૦૧૪નાં રોજ સેન્ટ્રલ ઝોન દબાણ વિભાગ દ્વારા દૂર કરી પ્લાસ્ટીક તથા તાડપતરી નંગ–૧૧૨ અત્રેથી જમાં લેવામાં આવેલ છે.

TOP

## આંજણા અનવર નગર ફલાય ઓવરબ્રીજ નીચે ગેરકાયદેસર રીતે ઘોડાઓ અને બગીઓ વિગેરનું દબાણ કરી જાહેર ગંદકીનું ઉપદ્રવ કરનારા ઈસમો દંડાયા.

સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોન તાબા હેઠળ આવેલ વિસ્તાર નામે આંજણા અનવર નગર, બીઆરટીએસ રૂટ જયાં કે મહાપાલિકા ધ્વારા ફલાય ઓવરબ્રીજ બનાવવાની કામગીરી પુર જોશમાં છે ની નીચેવાળી બંને બાજુની જગ્યામાં માથાભારી ઈસમો નામે શ્રી સલીમ શાહ નઝિર શાહ , ઉ.વ. ૪૫ રે. ૩૧૬, અનવર નગર, લિંબાયત અને મોહંમદ સોહેલ દાઉદભાઈ અંસારી ઉ.વ. ૩૮ રે. ૪૧૫, આંબેડકર નગર, લિંબાયત ના એ ક્રમશઃ ઉકત જાહેર રસ્તાઓ પર ઘોડાઓ–બગીઓનું દબાણ કરી અને ભેંસ / પાડાઓને ગેરકાયદેસર બાંધી, મહાપાલિકાના રસ્તા ઉપર કબ્જો જમાવી જાહેર ગંદકીનું ત્રાસ ફેલાવી રોજમદાર નીકળતો કચરો નહેરમાં ઠાલવી આજુબાજુની પ્રજાના આરોગ્ય સાથે જોખમ ઉભુ કરવાનું કૃત્ય માર્કેટ ખાતાને ધ્યાન ઉપર આવતા માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી એ સ્ટાફને સાથે રાખી તા. ૧૭/૦૯/૨૦૧૪ ના સવારે ૧૦.૦૦ કલાકે મુલાકાત લીધેલ. મુલાકાત દરમ્યાન ફરિયાદની હકીકત સાચી જણાતા તેઓએ તાબડતોબ પોલીસ કંટ્રોલનો સંપર્ક કરી સલાબતપુરા અને લિંબાયત પોલીસ સ્ટેશનનો મોબાઈલ પોલીસ સ્ટાફ સાથે બોલાવી ઉકત સ્થળે જાહેર રસ્તા ઉપર દબાણ કરી, જાહેર જગ્યા પર માલિકી હક જમાવી ગંદકીનો ઉપદ્રવ કરનારનું દબાણ દુર કરાવી ઘોડા અને ઘોડાગાડીના માલિક પાસેથી રૂા. ૨૫,૦૦૦/– ની પેનલ્ટી વહીવટી ચાર્જ તરીકે વસુલ કરેલ ઉપરાંત નહેર કિનારે ભેંસ / પાડાઓ સંભવિત કત માટે બાંધીને ગંદકી કરનાર ઈસમોના જાનવરોનો સ્થળ ઉપરથી પોલીસની હાજરીમાં કબ્જો મેળવી મ્યુનિસિપલ સંચાલિત ઢોર ડબ્બામાં પુરવામાં આવેલ. આ બંને ઈસમોને ઉકત સ્થળે ભવિષ્યમાં કોઈપણ જાતનું દાબદબાણ નહી કરવાનું, પશુઓ નહી બાંધવાનું અને ગંદકીનું ઉપદ્રવ નહી કરવાની હિદાયત આપેલ.

સમગ્ર કામગીરી દરમ્યાન લિંબાયત અને સલાબતપુરા પોલીસ સ્ટેશનની મોબાઈલ પુરતા પોલીસ બંદોબસ્ત સાથે હાજર રહેલ તેમજ કામગીરી દરમ્યાન સુલેહ, શાંતિ અને કાયદો વયવસ્થા જાળવી રાખેલ બદલ માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. મેહતા એ બંને પોલીસ સ્ટેશનના સ્ટાફનો આભાર વયકત કરેલ.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૬૪(ડુંભાલ–મગોબ),ફા.પ્લોટ નં.૩૩ માં આવેલ ''જય ભવાની ઈન્ડસ્ટ્રીયલ''ના પ્લોટ નં.૪૮,૪૯ માં મિલ્કતદારશ્રી તરફથી ચોથા માળ પર આશરે ૩૦' × ૭૫ ' માપવિસ્તારમાં લોખંડની એંગલ,સેકશનથી પતરાનો શેડ બનાવવામાં આવેલ.જે તા.૧૮/૦૯/૨૦૧૪ ના રોજ અત્રેના ઝોનના શહેર વિકાસ વિભાગ,દબાણ સ્ટાફ મારફત દૂર કરવામાં આવેલ છે. તેમજ મિલ્કતદાર પાસેથી ૪૦,૦૦૦/– ડિમોલીશન ચાર્જ પેટે વસુલવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના) ધ્વારા વ્યવસાય વેરા તથા મિલ્કત વેરાની વસૂલાતમાં બોલાવેલ ધમધમાટી

મે.મ્યુનિસિપલ કમિશનરશ્રી ના માર્ગદર્શન હેઠળ અને એડિશનલ સિટી એન્જી.શ્રી ભરતભાઈ દલાલ સાહેબની દેખરેખ હેઠળ સાઉથ ઝોન (ઉધના) ના આકારણી અને વસૂલાત વિભાગ તેમજ વ્યવસાયવેરા વિભાગે તા.૧૫/૦૯/૨૦૧૪ થી તા. ૧૮/૦૯/૨૦૧૪ એમ ચાર (૦૪) દિવસ દરમ્યાન સઘન ઝૂંબેશ ઉપાડી વેરા વસૂલાત પેટે રૂા. ૨ કરોડ ૭૭ લાખ અને વ્યવસાય વેરાની વસૂલાત પેટે રૂા. ૬૧ લાખ એમ મળી કુલ રકમ રૂા. ૩ કરોડ ૩૮ લાખ ની વસૂલાત કરેલ છે. જે વસૂલાતની ઝૂંબેશ હવે પછી પણ સતત ચાલુ રહેનાર છે.

TOP

## રૂગણાલયો વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતીની તા.૨૫/૦૮/૨૦૧૪નાંરોજ મળેલી સભા બાબત :–

સુરત મહાનગરપાલિકાની રૂગણાલયો વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતીની તા.૨૫/૦૮/૨૦૧૪નાંરોજ મળેલી સભામાં સુરત મહનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં તમામ શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓનાં ઓનલાઈન પ્રોફાઈલ બનાવવાનાં હોવાથી તમામ વિદાર્થીઓનાં બ્લડ ગૃપ તથા હિમોગ્લોબીનની તપાસ વિનામૂલ્યેકરી આપવનાું ઠરાવવામાં આવ્યું છે.

જેના અનુસંધાને આ કાર્યક્રમ ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૪ થી તમામ શહેરી આરોગ્ય કેન્દ્ર પરથી શરૂ કરવામાં આવ્યો છે. જેમાં દરેક ઝોનમાં નીચે જણાવેલા શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતેથી આ કામગીરીનો શુભારંભ મહાનુભાવો અને આગેવાનોની વરદહસ્તે કરવામાં આવ્યો હતો.

| અનુ. | ઝોન | શહેરી આરોગ્ય કેન્દ્રનું નામ | શુભારંભમાં હાજર રહેલા મહાનુભાવો | શાળાનું નામ | વિદ્યાર્થીની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | સાઉથ ઈસ્ટ | ડીંડોલી | ડાૅ.રવીન્દ્ર પાટીલ (હોસ્પીટલ સમિતિ ચેરમેનશ્રી) | ૬૭– ન.પ્રા.શિ.સ. શાળા મૈથલીશરણ ગુપ્ત | ૪૨ |
| | | | સુભાષભાઈ પાટીલ | | |
| | | | નયનાબેન નાયક | | |
| | | | દયાશંકર સિંગ | | |
| | | | ડાૅ.હેમંત દેસાઈ (આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નરશ્રી હેલ્થ એન્ડ હોસ્પીટલ) | | |
| ૨ | સેન્ટ્રલ | ડી.કે.એમ. | દક્ષાબેન જરીવાલા | ૫૮– ન.પ્રા.શિ.સ. શાળા નવાપુરા પુરબીયા શેરી ઉર્દુશાળા | ૬૦ |
| | | | વર્ષાબેન રાણા | | |
| | | | વ્રજલાલ જરીવાલા | | |
| ૩ | ઈસ્ટ | હીરાબાગ | | ૨૦૨– ન.પ્રા.શિ.સ. શાળા મહારાણા પ્રતાપ સ્કુલ | ૬૪ |
| ૪ | વેસ્ટ | અડાજણ | | ૧૫૫– ન.પ્રા.શિ.સ. શાળા સંસ્કાર કોલોની | ૩૧ |
| ૫ | નોર્થ | કતારગામ | | ૧૧૮– ન.પ્રા.શિ.સ. શાળા સંત એકનાથ પ્રાથમિક શાળા | ૫૨ |
| ૬ | સાઉથ | ઉધના | | ૨૦૬– ન.પ્રા.શિ.સ. શાળા મહાદેવભાઈ દેસાઈ | ૭૫ |
| ૭ | સાઉથ વેસ્ટ | પનાસ | | ૧– ન.પ્રા.શિ.સ. શાળા ઓલપાડી મહોલ્લો | ૪૦ |

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૨૮૬ શાળાઓનાં અંદાજે ૧,૫૫૫,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓનાં બ્લડ ગૃપ તથા હિમોગ્લોબીનની તપાસસુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ શહેરી આરોગ્ય કેન્દ્ર પરથી દરરોજનાં ૫૦–૫૦ વિદ્યભાર્થીઓનાં કરવામાં આવશે. આ કાર્યક્રમ બે માસ કે તેથી વધુ સમય સુધી ચાલશે.

TOP

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૧૭/૯/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ૬૫૬૦૧ ઘરોમાંથી એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન એવા કેરબા/ડ્રમ, પીપ,અંડરગ્રાઉન્ડ ટેન્ક,ગ્રાઉન્ડ ટેન્ક,ઓવરહેડ ટેન્ક જેવાં કુલ ૧૪૫૧૮૪ બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવ્યા જેમાં ૬૭૨ બ્રિડીંગસ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૨) મેલેરિયા સવેલન્સ દરમ્યાન કુલ ૫૪૦૭ વ્યકિતઓનાં લોહીના નમુનાઓ લેવામાં આવ્યા

(૨) ટાયરો, પીપ, કેરબા/ડ્રમ, પડતર માટલા, પ્લાસ્ટીક ડબ્બા જેવી ૪૭૨ નકામી પડતર વસ્તુઓ નાશ કરવામાં આવેલ છે.

(૩) શહેરનાં ૩૬૬ બાંધકામ ચેક કરવામાં આવ્યા જેમાં મળેલ કુલ ૨૬૪ સ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૩) જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૬૨ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

(૬) ૧૯૪ રાઉન્ડ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૬ રાઉન્ડ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી.

(૭) તમામ ઝોનમાં કુલ ૨૬૭ નોટિસો આપવામાં આવી અને ૧૪૪૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્ચછરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

TOP

## નોર્થ ઝોન (કતારગામ)ની કામગીરી બાબત :–

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૭/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૫૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૯,૬૫૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૭૬૭ ઘરનો સર્વે કરવામાં આવેલ જે પૈકી ૭૪૩ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૯૩ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૯૩ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા. ૩૧,૬૮,૦૫૩/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા પટેલ ૧–૨–૩ ઈન્ડ.,વેડરોડ,નંદુડોશીની વાડી, ગોતાલાવાડી તથા જી.આઈ.ડી.સી.કતારગામ વિસ્તારમાંથી રૂા.૯,૧૭,૮૬૫/– વસુલ કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની અરજી ૨૦૨ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૨૭,૯૪,૯૧૩/– ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી રૂા.૧,૬૫,૧૬૪/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૫ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## વરાછાઝોનનાં વ્યવસાય વેરા તથા આકારણી વિભાગ ધ્વારા મીનીબજાર કોહીનુરરોડ વિસ્તારમાં આવેલ સ્વામીનારાયણનગરમાથી એક જ દિવસે ૧૦.૨૫ લાખની વ્યવસાયવેરાની વસૂલાત

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળનાં વોર્ડ નં.૧૮ઈ મીનીબજાર કોહીનુરરોડ, સ્વામીનારાયણનગર સોસાયટીમાં આવેલ ડાયમંડ/એમ્બ્રોઈડરી યુનિટનાં ઈ.સી./આર.સી. કરદાતાઓ લાંબા સમયથી વ્યવસાયવેરો ભરપાઈ કરતાં ન હોવાથી તેઓને સમયાંતરે નોટીસો આપવામાં આવેલ. તેમછતાં પણ તેઓ તરફથી વ્યવસાયવેરો ન ભરાતાં અત્રેનાં વિભાગ ધ્વારા સામુહિક ઝુંબેશ હાથ ધરી મિલકત ટાંચમાં લેતાં ૫૫ ઈ.સી. તથા ૪૫ આર.સી. કરદાતાઓ પાસે અંદાજીત ૧૦.૨૫ લાખની વ્યવસાયવેરાની વસૂલાત કરવામાં આવેલ છે.

પૂર્વઝોન (વરાછા) કાર્યક્ષેત્રમાં આવેલ બિનરહેણાંકવાળી મિલકતો કે જેનો વ્યવસાયવેરો બાકી પડે છે, તેવી મિલકતો ટાંચમાં લઈ વ્યવસાયવેરો વસૂલ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે. જેથી આપનો બાકી વ્યવસાયવેરો નિયમિત ભરપાઈ કરવા જાહેર જનતાને અનુરોધ છે.

TOP

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૦૨, સગરામપુરા, મૌલવી સ્ટ્રીટ, સુરત ખાતે આવેલ મિલ્કત નોંધ નં. ૨૫૯૩ વાળી મિલ્કતમાં અત્રેથી તા.૧૬/૧૨/૧૯૯૫ થી બેઝમેન્ટ ભોંયતળીયા પાર્કીંગ + ત્રણ માળની વિકાસ પરવાનગી મેળવવામાં આવેલ. જે અન્વયે મિલ્કતદાર શ્રી ગુલામ મુસ્તુફા મીયા મોહંમદ ધ્વારા ઉપરોકત મેળવેલ રજાચીઠ્ઠી વિરુધ્ધ આર.સી.સી.., બીમ, સ્લેબ, કોલમ સહિતનું બાંધકામ કરવામાં આવતાં અત્રેથી તા.૨૮/૦૭/૧૪ થી ગેરકાયદેસર બાંધકામ અંગે નોટીસ પાઠવવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતાં તા.૧૮/૦૯/૧૪ ના રોજ ગ્રાઉન્ડ ફલોર પર પાર્કીંગવાળા ભાગમાં આશરે ૬૭૫ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ ઈંટોનાં ચણતરનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

TOP